The attention of the borrower(s) is invited to Section 13(8) of the Act, in respect of time available, to redeem the secured assets and further to Section 13(13) of the Act, whereby the borrower(s) are restrained/prohibited from disposing of or dealing with the secured asset(s) or transferring by way of sale, lease or otherwise (other than in the ordinary course of business) any of the secured asset(s), without prior written consent of **FIHFC** and non-compliance with the above is an offence punishable under Section 29 of the said Act. The copy of the Demand Notice is available with the undersigned and the borrower(s) may, if they so desire, can collect the same from the undersigned on any working day during normal office hours.

Place : Gujarat
Date : 02.11.2022

**Sd/-**
**Authorized Officer**
**FULLERTON INDIA HOME FINANCE COMPANY LIMITED**

# તંત્રીશ્રીની કલમે

## રિઝર્વ બેક્ક દ્વારા દેશની પ્રથમ ડીજીટલ કરન્સી ઇ-રૂપી લોન્ચ કરી

દેશમાં બીટકોઈન સહિતના ક્રિપ્ટોકરન્સીના વધતા જતા આકર્ષણ અને આ પ્રકારની ડીજીટલ કરન્સીમાં ભારતીયોના જંગી રોકાણથી ચિંતીત કેન્દ્ર સરકારે એક તરફ આ પ્રકારની કરન્સી પર ટેક્ષ તથા ટીડીએસ લાદયો છે અને હજું તેને કાનૂની માન્યતા માન્યતા આપી નથી તે ઉપરાંત ભારતની પોતાની સતાવાર ડીજીટલ કરન્સી આજે રીઝર્વ બેક્ક ઓફ એ દેશની પ્રથમ ડીજીટલ કરન્સી 'ડીજીટલ-રૂપી' લોન્ચ કરી છે. આ પાઈલોટ-પ્રોજેકટ છે જે હાલ ચોકકસ ઉપયોગ માટે ઉપયોગમાં લઈ શકાશે. આ ડીજીટલ રૂપીને રીઝર્વ બેક્ક દ્વારા સેન્ટ્રલ બેંક ડીજીટલ કરન્સી તરીકે ઓળખવામાં આવી છે અને તે રીઝર્વ બેક્ક દ્વારા ઈસ્યુ કાનૂની ચલણ ગણાશે. આ ચલણ એ રીઝર્વ બેક્ક જેમ ચલણી નોટો ઈસ્યુ કરતા સમયે સોના કે ચાંદીનો બેકઅપ રીઝર્વ આપે છે તેવું આ ડીજીટલ કરન્સીમાં નહી હોય પણ તેની કિંમત માંગ-પુરવઠાના આધીન હશે અને તેની લેવડદેવડ પણ થઈ શકશે. આ ચલણને ક્રિપ્ટો જેવા તમામ લાભો મૌજૂદ હશે અને તે ડીજીટલ ફોર્મમાં ઉપયોગમાં લઈ શકાશે અને તે કદી સામાન્ય ચલણી નોટોની માસ્ક ફાટી જવાનો, નાશ થવાનો કે અન્ય કોઈ રીતે ડેમેજ થવાનો ભય રહેશે નહી. રીઝર્વ બેક્ક હાલ તો આ ડીજીટલ કરન્સીને મર્યાદીત રીતે પાઈલોટ પ્રોજેકટ તરીકે રજૂ કરશે અને હાલ તે જાહેર જનતા માટે ઉપલબ્ધ નથી. ભારતમાં ક્રિપ્ટો એકસચેંજ મારફત હાલ વિવિધ ક્રિપ્ટોકરન્સીના વ્યવહાર રોકાણ થાય છે પણ આ કરન્સીના માધ્યમથી કાળા-નાણાનું સર્જન મની લોન્ડ્રીંગ વિ.નો તથા ગેરકાનુની વ્યવહારો માટે વ્યાપક ઉપયોગ થવાનો સરકારને ભય છે. રિઝર્વ બેક્ક દ્વારા લોન્ચ કરાયેલ ઇ-રૂપી આગામી એક માસમાં દેશના ચોક્કસ લોકેશન અને યુઝર્સ માટે રીટેઇલ કરન્સી તરીકે પણ ઉપયોગમાં લેવાની મંજુરી અપાશે અને હાલના તબક્કે દેશની નવ બેક્કો આ પાયલોટ પ્રોજેક્ટમાં સામેલ થઇ છે જેમાં સ્ટેટ બેક્ક ઓફ ઇન્ડીયા, બેક્ક ઓફબરોડા, યુનિયન બેક્ક ઓફ ઇન્ડીયા, એચડીએફસી બેક્ક, આઈસીઆઈસીઆઈ બેક્ક, કોટક મહિન્દ્રા બેક્ક, યસ બેક્ક, આઈડીએફસી ફર્સ્ટ બેક્ક અને એચએસબીસી હોલ્ડીંગ ભારતને આ પાયલોટ પ્રોજેક્ટમાં સામેલ કરવામાં આવી છે. અગાઉ સિંગાપુર દ્વારા પણ લોકલ ડોલરનું ડીજીટલ સ્વરુપ લોન્ચ કરાયું હતું અને ચાઈનાની સેન્ટ્રલ બેંક પણ ડીજીટલ કરન્સી ક્ષેત્રે આગળ વધી રહી છે. હાલ ગવર્નમેન્ટ સિક્યોરીટીમાં તેમજ સેક્ધડરી માર્કેટના સેટલમેન્ટમાં બેક્કોને આ ડીજીટલ કરન્સીનો ઉપયોગ કરવાની મંજુરી અપાય છે.

## પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા ઘટનાસ્થળે અફરાતરફી મચી,બે લોકોના મોત

નવીદિલ્હી, દિલ્હીના નરેલામાં મંગળવારે સવારે એક પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ૨ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો દાઝી ગયા છે. દુર્ઘટનાની જાણકારી મળ્યા બાદ ફાયર બ્રિગેડની ૧૧ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. આગ ફેક્ટરીના પહેલા અને બીજા માળે લાગી હતી. હાલ આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. આગને પગલે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. લોકો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા. પરંતુ આગ એટલી ભીષણ હતી કે કેટલાક લોકો દાઝી ગયા હતા. જ્યારે ફેક્ટરીની અંદર કેટલાક લોકો ફસાયા હોવાની માહિતી પણ સામે આવી રહી છે. સાથે જ ફાયર બ્રિગેડની ટીમો આગ પર કાબુ મેળવવાના પ્રયાસો કરી રહી છે. દુર્ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. ફેક્ટરીમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હોવાનું સ્પષ્ટપણે જોઈ શકાય છે. તે જ સમયે, પોલીસ અને ફાયર બ્રિગેડના કર્મચારીઓએ આસપાસ એકઠા થયેલા લોકોને સ્થળ પરથી દૂર જવા કહ્યું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઘટનાસ્થળેથી ૨૦ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. તમામને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. નરેલામાં લગભગ ૮ ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે હાજર છે. ફાયર ફાઈટર આગને કાબૂમાં લેવા પ્રયાસ કરી રહ્યા છે. આ સાથે ફેક્ટરીમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જોકે, નરેલામાં આગ લાગવાની આ પહેલી ઘટના નથી. મે મહિનામાં નરેલામાં જ એક પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. આગ એટલી ગંભીર હતી કે હાઈડ્રા ક્રેનને સ્થળ પર મોકલવી પડી હતી અને કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

## મહારાષ્ટ્રના સોલાપુરમાં કારે ટક્કર મારતા ૭ના થયા મોત, ૬ને થઇ ગંભીર ઈજા

સોલાપુર, મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ જેમાં એક પૂરપાટ ચાલતી કારની ઝપેટમાં આવવાથી ૭ તીર્થયાત્રીકોના થયા મોત. મૃતકોમાં પાંચ મહિલાઓ, બે પુરૂષ અને એક બાળક સામેલ છે. આ દુર્ઘટનામાં ૬ યાત્રીકો ગંભીર રૂપે ઈજાગ્રસ્ત થયા છે. જાણવા મળી રહ્યું કે જે કારે તીર્થયાત્રીકોને ટક્કર મારી તેની સ્પીડ વધુ હતી. ટક્કર લાગવાથી સાત લોકોને ગંભીર ઈજા પહોંચી જેથી તેના ઘટનાસ્થળે મોત થયા છે. આ બધા તીર્થયાત્રી સોલાપુરથી પંઢરપુરની તરફ ચાલતા રવાના થયા હતા. સ્થાનીક પોલીસ પાસેથી મળેલી જાણકારી પ્રમાણે ગાડી ચાલકની ધરપકડ કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સોલાપુરના એસપી સિરીષ સરદેશપાંડેએ કહ્યું કે સોલાપુર જિલ્લાના સાંગોલે ગામની પાસે એક રોડ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે અને અન્યને ઈજા પહોંચી છે. આ તીર્થયાત્રી પંઢરપુર જઈ રહ્યાં હતા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરફથી મૃતકોના પરિવારજનોને ૫ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરવામાં આવી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંહેએ આ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યુ છે. તેમણે ટ્વીટ કર્યું કે, 'કાર્તિકી યાત્રા માટે પંઢરપુર તરફ ચાલીને જઈ રહેલા તીર્થયાત્રીકોને સંગોલા મિરાજ માર્ગ પર એક વાહને ટક્કર મારી દીધી. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોને ભાવભીની શ્રદ્ધાંજલિ. મુખ્યમંત્રીએ કહ્યુ કે, અમે મૃતકોના પરિવારજનો અને શુભચિંતકોના દુખમાં સહભાગી છીએ. દરેક મૃતકોના પરિવારજનોને પાંચ-પાંચ લાખ રૂપિયાની સહાયતા જાહેર કરવામાં આવી છે. સાથે તંત્રને ઈજાગ્રસ્તોની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવવા માટે સૂચના આપવામાં આવી છે.

**PREMIER SYNTHETICS LIMITED**
**CIN - L70100GJ1970PLC100829**
Reg. Office: Surana House, Behind Klassic Chambers, Swastik X Rd, Opp. Narnarayan Complex, Navrangpura, Ahmedabad-380009, Gujarat.

**Notice**
The Meeting of the Board of Directors of the Company will be held on Saturday, 12th November 2022 at the registered office of the Company at Surana House, Behind Klassic Chambers, Swastik X Rd, Opp. Narnarayan Complex, Navrangpura, Ahmedabad-380009, inter alia, to consider & approve the Unaudited Financial Results for the Quarter ended 30th September, 2022 and to transact any other business with the permission of chairman. For further details please refer the web-link http://www.premiersyntheticsltd.com/ & https://www.bseindia.com/stock-share-price/premier-synthetics-ltd/premsyn/509835/

For, Premier Synthetics Limited
Sd/-
DATE: 02/11/2022 Vismay Makwana
PLACE: AHMEDABAD Company Secretary

## આજનું રાશિફળ

મેષ-તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે. તમારો દિવસ તમારા પ્રિયપાત્રના હાસ્ય સાથે શરૂ થશે તથા તેનો અંત એકમેકના સપનાંમાં થશે. સાવધાનીપૂર્વક પગલાં લેવાનો દિવસ- આથી જ્યાં સુધી તમને વિશ્વાસ ન બેસે કે તમારા વિચારો નિષ્ફળ નહીં જાય, ત્યાં સુધી તેમને રજૂ ન કરતા.

વૃષભ-રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે. તમારે તમારા પરાજયોમાંથી પદાર્થપાઠ લેવો જોઈએ કેમ કે આજે પ્રેમનો એકરાર કદાચ નિષ્ફળ જઈ શકે છે. કોઈ નવો પ્રૉજેક્ટ હાથમાં લેતા પહેલા બે વાર વિચારજો.

મિથુન-લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે. આજે તમારા કામની સરાહના થશે. લાભદાયક દિવસ કેમ કે બાબતો તમારી તરફેણમાં આવતી હોય તેવું લાગશે અને તમે જાણે વિશ્વની ટોચે પહોંચી ગયા હો એવું અનુભવશો.

કર્ક-ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.

સિંહ-તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે. તમારા માર્ગમાં જે પણ આવતું હોય તેની સાથે વિનમ્રતાપૂર્વક અને સારી રીતે વર્તો-કેટલાક ચુનંદા લોકો જ તમારી મોહકતા પાછળનું રહસ્ય જાણી શકશે.

કન્યા-આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે. કામના સ્થળે તમારી ભૂલોનો એકરાર તમારી તરફેણમાં જશે. પણ એ કઈ રીતે સુધારવી તેનું પૃથ્થકરણ કરવાની તમારે જરૂર છે. તમે જેને હાનિ પહોંચાડી હોય તેની માફી તમારે માગવી જોઈએ.

તુલા-લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે, જે તમારામાં શક્તિનો સંચાર કરશે તથા તમને જુસ્સાથી ભરી મુકશે. આ તે સારા દિવસો માં નો એક દિવસ છે જયારે તમે કાર્યક્ષેત્ર ઉપર ઘણું સારું અનુભવ કરશો? આજે તમારા સહકર્મી તમારા કામ ની પ્રશંસા કરશે અને તમારા બોસ પણ તમારા કાર્ય થી ખુશ થશે. વેપારી પણ આજે વેપાર માં સારો નફો કમાવી શકે છે. આજે આ રાશિ ના વિદ્યાર્થીઓ તેમના કિંમતી સમય નો દુરૂપયોગ કરી શકે છે. તમે જરૂરી કરતાં મોબાઇલ અથવા ટીવી પર વધુ સમય વિતાવી શકો છો.

વૃશ્ચિક-આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે. કામના સ્થળે તમે મોટા લાભ મેળવશો. જો તમે પરિણીત છો અને બાળકો છે, તો તેઓ આજે તમારી ફરિયાદ કરી શકે છે કારણ કે તમે તેમને પૂરતો સમય આપી શકતા નથી.

ધન-ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રૅશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આજે આરામ કરવા માટે બહુ થોડો સમય મળશે-કેમ કે બાકી રહેલા કામ તમારી વ્યસ્તતા વધારશે. ઘર ની બહાર જઈ ને, આજે તમારે ખુલ્લી હવા માં ફરવું ગમશે.

મકર-આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો ત્યારે તેઓ પણ ખુશખુશાલ થઈ જશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. અનોય તમારે વધારો પડતો સમય માગશે-તેમને કોઈ વચન આપો એ પૂર્વે તકેદારી રાખે કે તમારા કામા પર તેની અસર ન થાય તથા તેઓ તમારી સારપ અને ઉદારતાનો લાભ તો નથી લઈ રહ્યા.

કુંભ-તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. જે લોકો બેરોજગાર છે તે લોકો ને સારી જોબ મેળવવા માટે વધારે સખત મહેનત કરવા ની જરૂર છે.

મીન-તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો.

## ૨૦૦ કરોડની લોટરીની વાત પત્નીથી છુપાવી, કહ્યું- ઘમંડી ન બને તે માટે ન વાત કરી



ચીન, એક શખ્સ રાતોરાત અબજોપતિ બની ગયો, તેના ખાતામાં ૨૦૦ કરોડ રૂપિયાથી વધારેની રકમ જમા થઈ ગઈ. પણ આટલી મોટી રકમ મળ્યા બાદ તેણે પરિવારના કોઈ સભ્યોને આ વાત કહી નહીં. શખ્સે પોતાની પત્ની અને બાળકોને પણ આ વાત ન કહી. અબજો રૂપિયાના માલિક બનેલા આ શખ્સે આ વાત છુપાવવા પાછળનું રસપ્રદ કારણ પણ જણાવ્યું છે. હકીકતમાં જોઈએ તો, શખ્સને લાગ્યું કે, જ્યારે તેના ઘરવાળાઓને આ વાતની ખબર પડશે કે તેણે ૨ અબજ રૂપિયાની લોટરી લાગી છે, તો તે ઘમંડી થઈ જશે અને આળસું બની જશે, એટલા માટે અબજોપતિ બનવાની આ વાત પત્ની અને બાળકોને ન બતાવી. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના રિપોર્ટ અનુસાર, દક્ષિણી ચીનના ગુઆંગ્શી જુઆંગ પ્રાંતમાં રહેતા આ શખ્સને લોટરીમાં ૨૨૦ મિલિયન યુઆન એટલે કે, લગભગ ૨ અબજ ૫૦ કરોડ રૂપિયા જીત્યા. તેણે ૪૦ લોટરી ખરીદી હતી. જેમાંથી ૭ ટિકિટમાં તેને ઈનામ લાગ્યું. દરેક વિજેતા ટિકિટને ૫.૪૫ મિલિયન યુઆનની ઈનામ સ્વરુપે આપવામાં આવતું હતું. કહેવાય છે કે આ શખ્સે ૨૪ ઓક્ટોબરે પોતાની ઈનામી રાશિ ગુઆંગ્શી વેલફેર લોટરી ડિસ્ટ્રીબ્યૂશન સેન્ટરથી લીધી હતી. ઈનામની રકમ મળ્યા બાદ તેમ ચેરિટી માટે ૧૫ કરોડ રૂપિયા દાન કરી દીધા. ઈનામની રકમ લેવા દરમિયાન શખ્સે એક કાર્ટૂનવાળો પોશાક પહેરી રાખ્યો હતો, જેથી પરિવારના લોકો તેને ઓળખી શકે નહીં. ઈનામ જીત્યા બાદ શખ્સ અત્યંત ખુશ હતો. તેણે કહ્યું હું આ ઉત્સાહને કંટ્રોલ કરવાની કોશિશ કરી રહ્યો હતો. મેં પોતાના પરિવાર અને મિત્રોને આના વિશે બતાવ્યું નહોતું. ત્યાં સુધી કે પત્ની અને બાળકોને પણ નહીં, કારણ કે મને ચિંતા હતી કે ખબર પડશે તો, તે અન્ય લોકો કરતા પોતાની જાતને મહાન સમજવા લાગશે અને ભવિષ્યમાં મહેનત અને અભ્યાસમાં પણ ધ્યાન નહીં આપે.

## હોટલમાં એક ગ્રુપે ખૂબ ખાધું-પીધું અને પાર્ટી કરી, બિલનો વારો આવ્યો તે છટકી ગયાં

બ્રિટન, રેસ્ટોરંટમાં છ લોકોના એક ગ્રુપે જરબદસ્ત પાર્ટી કરી. તેમણે ખાવાનું ખાધું. દારુ પીધો અને ભારે મોજ કરી, પણ જ્યારે ૨૫ હજારનું બિલ આપવાનો વારો આવ્યો તે, તમામ લોકો રેસ્ટોરન્ટમાંથી ફરાર થઈ ગયા હતા. પાછલા બારણેથી ભાગતા હોય તેવો વીડિયો પણ સામે આવ્યો છે. આ વીડિયો રેસ્ટોરન્ટના માલિકે શેર કર્યો છે. સાથે જ માલિકે એવી અપીલ કરી છે કે, ભાગીને ગયેલા ગ્રાહકોને શોધવામાં તેમની મદદ કરે અને તેમના બાકી ૨૫ હજાર ૮૦૨ રૂપિયાનું બિલ અપાવે. રેસ્ટોરન્ટના માલિકે પોલીસને પણ આ મામલે ફરિયાદ કરી છે. પોલીસ હવે તેમને શોધી રહી છે. દ સનના એક રિપોર્ટ અનુસાર, ઘટના બ્રિટનના નોર્થ યોર્કશાયરમાં આવેલી્ રી જીૅહ છદ્વિજ રેસ્ટોરન્ટમાં થઈ હતી. જેનો વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયો રિલીઝ કરનારા રેસ્ટોરન્ટના માલિકે કહ્યું કે, ૬ લોકોનું એક ટોળુ આવ્યું હતું અને ખાઈ પીને બિલ ચુકવ્યા વિના ત્યાંથી ભાગી ગયા હતા. જો કે, માલિકે તેમને પેમેન્ટ કરવાની ચેતવણી આપી હતી અને એવું પણ કહ્યું હતું કે, જો તેમણે બિલ ન આપ્યું તો, વીડિયો શેર કરી દેશે. પણ તેમ છતાં પણ ગ્રાહકોએ તેમની વાત માની નહીં, જે બાદ માલિકે રેસ્ટોરન્ટમાંથી છાનામાન ભાગી રહેલા ગ્રાહકોનો વીડિયો શેર કર્યો છે. આ ફુટેજમાં દેખાય છે કે, કેવી રીતે એક પછી એક ગ્રાહકો રેસ્ટોરન્ટમાંથી ભાગી રહ્યા છે.

**ICICI Home Finance**
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટૉવર, અંધેરી-કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૯, ભારત
બ્રાન્ચ ઓફિસ : ૧લો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંક ઉપર, મહેસાણા- હાઈ-વે, મહેસાણા- ૩૮૪૦૦૨.

(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈઓ)
**સ્થાવર મિલકતની વેચાણ નોટીસ**
**સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬) સાથે વંચાતા સિક્યોરિટાઈઝએશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ- હરાજી વેચાણ નોટીસ**
આથી ખાસ કરીને કરજદાર/રો અને જમીનદાર/રો અને જાહેર જનતા ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી.ના અધિકૃત અધિકારીને ગીરો/ચાર્જડ કરાયેલ છે જેનો ભૌતિક કબ્જો સિક્યોર્ડ ક્રેડિએટરએ લઈ લીધો છે, "જેનું જ્યાં છે", "જે છે" અને "જેમ છે"ના ધોરણે નીચે કોષ્ટકમાં દર્શાવેલ કરજદારો અને જામીનદારો પાસે થી આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીની બાકી રકમની વસુલાત માટે ઈ- હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે.

| ક્રમ નં. | કરજદાર, સહકરજદારો /જામીનદારો ના લીગલ હાયર્સ લોન એકાઉન્ટ નંબર અને નામ / | કઈ પણ જાણમાં હોય સાથે આરક્ષિત મિલકતની વિગત | બકાયા રકમ | આરક્ષિત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ | મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) | (જી) |
| ૧. | સુરેશકુમાર એન. ગજ્જર (કરજદાર) લોન એકાઉન્ટ નં. **NHDEE00001276280** | રૉ હાઉસ નં. સી/૧૬૭, તિરૂપતિ ટાઉનશીપ, ઝવેરીનગર સામે, રીજમેન્ટ રોડ, ડીસા પીન કોડ-૩૮૫૫૩૫. | રૂા. ૩૩,૮૩,૩૨૯/- ૧ નવે, ૨૦૨૨ | રૂા. ૨૬,૦૪,૯૬૦/- / રૂા. ૨,૬૦૪,૯૬/- | ૧૫ નવે. ૨૦૨૨ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ ક્લાક સુધી. | ૧૮ નવે.,૨૦૨૨ બપોરે ૦૨.૦૦ થી ૦૩.૦૦ ક્લાક સુધી. |

આ ઓનલાઈન હરાજી વેબસાઇટ (URL Link - -https://sarfaesi.auctiontiger.net/EPROC) પર અમારી ઑક્શન એજેન્સી ઑક્શન ટીગર દ્વારા હાથ ધરવામાં આવશે.
ગિરો મુકનારને નોટીસ આપવામાં આવે છે કે છેલ્લી તક કુલ લેણાં ની પરત ચૂકવણી કુલ લેણાં સાથે આગળ વ્યાજ સુધી ૧૭ નવેમ્બર, ૨૦૨૨ પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચુકવી દેવી. બીજું આ સુરક્ષિત અસ્કયામતો ઉપર મુજબ ના કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે .સંભવિત ◦ બિડર(ઓ) અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) તે આરટીજીએસ, ડિમાંડ ડ્રાફ્ટ કોલમ ઈ માં આપેલ રકમ સબમિટ કરવું પડશે જે આઈસીઆઈસીઆઈ હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ ખાતે, પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઇટેડ બેંકની ઉપર , મહેસાણા હાઇવે , મહેસાણા -૩૮૪૦૦૨ ૧૭ નવેમ્બર, ૨૦૨૨ના રોજ સાંજે ૦૪:૦૦ પહેલાં અથવા અથવા ૧૭ નવેમ્બર,, ૨૦૨૨ના રોજ સાંજે ૦૫:૦૦ તે પહેલાં. કૃપયા નોંધ કરો, સંભવિત બિડર(ઓ) ઉપરોક્ત સમય મુજબ તેમની ઓફર સબમિટ કરવામાં અસમર્થ હોય તો તેની સહી કરેલી નકલ ટેન્ડર દસ્તાવેજો આઈસીઆઈસીઆઈ હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ, પહેલો માળ, શક્તિ બિઝનેસ ખાત યુનાઈટેડની ઉપર બેંક, મહેસાણા હાઇવે , મહેસાણા- ૩૮૪૦૦૨ સબમિટ કરી શકાય છે. આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમિટેડ તરફેણનો પાલનપુર ખાતે નેશનલ શિડ્યુલ્ડ બેંક ની અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડિમાંડ ડ્રાપ્ટની સાથે આપવો.
કોઈપણ આગળ સ્પષ્ટતાઓ સાથે સાદર પ્રતિ નિરીક્ષણ શરતો અને શરતો ના આ હરાજી અથવા રજૂઆત ના ટેન્ડર ,માટે સંપર્ક આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડનો નંબર ૭૦૨૧૦૭૨૮૬૯ પર સંપર્ક કરવો.
સત્તાવાર અધિકારીને બિડને કોઈ પણ વધુ કારણો આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે . માટે વિગતવાર શરતો અને શરતો ના આ વેચાણ, કૃપા કરીને વેબસાઇટ https://www.icicihfc.com/ ની મુલાકત લો.
તારીખ: ૦૩ નવેમ્બર, ૨૦૨૨
સ્થળ: ડીસા.
અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

Fullerton Grihashakti
Iraada hai toh Raasta hai

**ફુલર્ટન ઇન્ડિયા હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ**
કોર્પોરેટ ઓફિસ : પાંચમો અને છઠ્ઠો માળ, બી-વિંગ, સુપરીમ આઈટી પાર્ક, સુપરીમ સિટી, પવઈ, મુંબઈ - ૪૦૦૦૭૬. રજી.ઓફિસ : મેઘ ટાવર્સ, ત્રીજો માળ, જુના નં.૩૦૭, નવા નં.૧૬૫, પૂનમલી હાઈ રોડ, મદુરાવોયલ, ચેન્નાઈ - ૬૦૦૦૯૫

**માંગણા નોટિસ**

સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ધ એક્ટ)અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)કાયદા, ૨૦૦૨ (ધ રૂલ્સ)હેઠળ, ફુલર્ટન ઇન્ડિયા હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ (એફઆઇએચએફસી)ના અધિકૃત અધિકારી તરીકે અહીં નીચે સહીં કરનારે કાયદા નં.૧૩ (૧૨)હેઠળ મળતી સત્તાની રૂએ અને અનુચ્છેદ ૩ સાથે વાંચતા કાયદા ૧૩(૨) હેઠળ નીચે જણાવેલા દેવાદારોને માંગણા નોટીસ નીચે જણાવેલ તારીખોએ જારી કરેલ છે. ઉપર જણાવેલા દેવાદારોને નોટિસ મળ્યાના ૬૦ દિવસની અંદર માંગણા નોટિસમાં જણાવેલી રકમ તેના ઉપરના વ્યાજ સહિત ચુકતે કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે. અહીં નીચે સહીં કરનાર વાજબી રીતે માને છે કે દેવાદારો માંગણા નોટિસની સેવાને અવગણે છે આથી આ સેવા નિયમાનુસાર નોટિસના પ્રકાશન દ્વારા અને જોડાણ દ્વારા લાગુ પાડવામાં આવે છે. માંગણા નોટિસમાંની વિગતો અહી વિગતો નીચે જણાવવામાં આવી છે.

| ક્રમ નં. | દેવાદારોનું નામ / સહ દેવાદારોનું નામ / સાથે લોનનો ખાતા નંબર, જો કેસમાં મિલકત ધારણકરનાર હોય તો તેનું નામ | નોટીસ મોકલ્યા તારીખ U/s-13(2) અને બાકી લેણાં રકમ |
|---|---|---|
| ૧ | લેન : ૬૦૬૯૦૭૫૧૦૨૫૯૧૩૭ (૧)પિન્ટુ બી. મકવાણા, **S/W/O** બાબુભાઈ મકવાણા (૨)ઉમાબેન બાબુભાઈ મકવાણા સરનામું ૧ : સી ૧૭૯૧, શિવશક્તિ, પટેલ સોસાયટી, કાલિયાબિડ, ભાવનગર, ગુજરાત -૩૬૪૦૦૧. સરનામું ૨ : શોપ નં.૦૩, ગ્રાઉન્ડ ફ્લોર, આશા એપાર્ટમેન્ટ, બચુભાઈ દુદા વાલા સ્ટ્રીટ પાસે, ભાવનગર - ૩૬૪૦૦૧. | તારીખ : ૧૯-૧૦-૨૦૨૨ રૂા.૫,૭૮,૦૬૮/- (રૂપિયા પાંચ લાખ અઠયોતેર હજારને અડસઠ પુરા) એનપીએ તારીખ : ૧૧-૧૦-૨૦૨૨ |
| | ગીરો મુકેલી /આરક્ષિત મિલકતોનું વિવરણ : સ્ટોર નં.૩ના દરેક ભાગો અને પાર્સલો, ગ્રાઉન્ડ ફ્લોર, આશા એપાર્ટમેન્ટ, માપણી ૭.૪૫ સ્કે.મી. વોર્ડ નં.૩ના નકશા શીટ નં.૬૨માં સર્વે નં.૧૯૫૪ ના એક ફોર્મીંગ ભાગ કે જે બચુભાઈ દુદા વાલા સ્ટ્રીટ પાસે, હવેલી વાળી શેરી, ભાગા તલાવ, તા.જી.ભાવનગર ખાતે સ્થિત છે. સિમાબદ્ધ : પૂર્વમાં : ડેલાનો કોમન રસ્તો, પશ્ચિમમાં : સ્ટોર નં.૨, ઉત્તરમાં : હવેલી વાલી શેરી તરફી જાહેર રસ્તો, દક્ષિણમાં : કોમન ચોક | |
| ૨ | લેન : ૬૦૦૩૦૭૨૧૦૫૪૭૬૭૬ (૧)દિલિપભાઈ અકબરભાઈ ખોખર, **S/W/O** અકબરભાઈ ઈમામભાઈ ખોખર (૨)અકબરભાઈ ઈમામભાઈ ખોખર, (૩)સુલતાનાબાનુ ખોખર, (૪) ઈકબાલભાઈ અકબરભાઈ ખોખર સરનામું ૧ : કસ્બો, ડભાસા, વડોદરા, તલાવ પાસે, પાદરા, ગુજરાત - ૩૯૧૪૪૦. સરનામું ૨ : આર.એસ.નં.૧૦૨૧, પ્લોટ નં.સી-૧/૪૨, બાગે મદીના, કરૂનેશ પાર્ટી પ્લોટ પાસે, જસપુર રોડ, પાદરા, જી.વડોદરા - ૩૯૧૭૪૦. | તારીખ : ૧૯-૧૦-૨૦૨૨ રૂા.૭,૨૦,૩૪૧/- (રૂપિયા સાત લાખ વીસ હજાર ત્રણસોને એકતાલીસ પુરા) એનપીએ તારીખ : ૧૧-૧૦-૨૦૨૨ |
| | ગીરો મુકેલી /આરક્ષિત મિલકતોનું વિવરણ : મોજે પાદરા (કસ્બા)માંની જમીનનો બિનખેતીલાયક પ્લોટ, કે જે બ્લોક સર્વે નં.૧૦૨૧ પૈકી ૮૯૭૭ સ્કે.મી. કેજે બાગે મદીના તરીકે જાણીતી છે પૈકી પ્લોટ નં.સી-૧-૪૨ ઉપર આવેલ છે, પ્લોટની માપણી ૩૧.૩૬ સ્કે.મી., રોડ અને કોમન પ્લોટના બિન વહેંચાયેલો ૧૫.૪૭ સ્કે.મી. માપણીનો ભાગ, કુલ માપણી ૪૬.૮૩ સ્કે.મી. કે જેની નોંધણી જીલ્લો અને સબજીલ્લો પાદરા જી.વડોદરામાં કવામાં આવેલી છે. સિમાબદ્ધ : ઉત્તરમાં : ફ્લેટ નં.સી-૧-૪૧, દક્ષિણમાં : ફ્લેટ નં.સી-૧-૪૩, પૂર્વમાં : ફ્લેટ નં.એ-૧-૩૨, પશ્ચિમમાં : સોસાયટી રોડ | |
| ૩ | લેન : ૬૦૦૩૩૮૦૧૦૭૪૫૦૩૧ (૧)કરસનભાઈ મોહનભાઈ સોલંકી, **S/W/O** મોહનભાઈ સોલંકી (૨) નિરૂબેન કરસનભાઈ સોલંકી સરનામું ૧ : ૧૯, બાપુ નગર, ઓવર બ્રિજ પાસે, અંકલેશ્વર, લવલી સ્વીટ સામે, અંકલેશ્વર ગુજરાત - ૩૯૩૦૦૧. સરનામું ૨ : સર્વે નં.૧૮૨, નવા સર્વે નં.૫૭૮ જુના પ્લોટ નં.૬૦, રિવાસઈસડ પ્લોટ નં.૫૩, સદગુરુકૃપા રેસિડેન્સી, હરિ મંગલ રેસિડેન્સી સામે, ગુરુકૃપા રેસિડેન્સી પાસે, ઓએનજીસી પાસે, રાજપીપલા રોડ, મોજે-ગડખોલ, તા.અંકલેશ્વર, જી.ભરૂચ - ૩૯૩૦૦૨. | તારીખ : ૧૯-૧૦-૨૦૨૨ રૂા.૮૦,૪૪,૦૯૭/- (રૂપિયા એંસી લાખ ચુમ્માલીસ હજાર સત્તાણું પુરા) એનપીએ તારીખ : ૧૧-૧૦-૨૦૨૨ |
| | ગીરો મુકેલી /આરક્ષિત મિલકતોનું વિવરણ : મોજે ગડખોલ, ભરૂચમાંની જમીનનો બિનખેતીલાયક પ્લોટ, કે જે બેરિંગ સર્વે નં.૧૮૨ નવા આર.એસ.નં.૫૭૮, સદગુરુકૃપા રેસિડેન્સી તરીકે જાણીતી, હરિ મંગલ રેસિડેન્સી સામે, ગુરુકૃપા રેસિડેન્સી પાસે પૈકી જુના પ્લોટ નં.૬૦, રિવાઈસડ પ્લોટ નં.૫૩, માપણી ૪૨.૦૨ સ્કે.મી. કે જેની નોંધણી જીલ્લા અને સબજીલ્લા અંકલેશ્વર, રાજપીપલા રોડ, જી.ભરૂચ ખાતે કરવામાં આવેલી છે. સિમાબદ્ધ : પૂર્વમાં : કોમન રોડ, પશ્ચિમમાં : આંતરિક રોડ, ઉત્તરમાં : રિવાઈસડ પ્લોટ નં.૫૪, દક્ષિણમાં : રિવાઈસડ પ્લોટ નં.૫૨ | |
| ૪ | લેન : ૬૦૦૨૩૮૦૧૧૦૨૧૫૯૬ (૧)ધર્મેન્દ્ર રામચંદ્ર શર્મા, **S/W/O** રામચંદ્ર શર્મા (૨) જામીનદારનું નામ - શૈલેન્દ્રકુમાર શર્મા સરનામું ૧ : પ્લોટ નં.૨૩૫, નંદનવન રેસિડેન્સી, તુલસી પેપર મીલ સામે, કારેલી, ઓમ-હરિઓમ રેસિડેન્સી પાસે, સુરત ગુજરાત - ૩૯૪૩૧૦. સરનામું ૨ : પ્લોટ નં.૧૨૨ (પ્લાન મુજબ પ્લોટ નં.૧૨૨/જી), ઓમ હરિઓમ રેસિડેન્સી, તુલસી પેપર મીલ સામે, ગંગાધારા મોટા રોડ, કારેલી, પલસાના, સુરત - ૩૯૪૩૧૦. | તારીખ : ૧૯-૧૦-૨૦૨૨ રૂા.૯,૪૯,૯૧૩/- (રૂપિયા નવ લાખ ઓગણપચાસ હજાર નવસોને તેર પુરા) એનપીએ તારીખ : ૧૧-૧૦-૨૦૨૨ |
| | ગીરો મુકેલી /આરક્ષિત મિલકતોનું વિવરણ : ઓમ હરિઓમ રેસિડેન્સી તરીકે જાણીતી સોસાયટીનો મિલકત બેરિંગ પ્લોટ નં.૧૨૨/જી, કારેલીગામ ખાતે સ્થિત બેરિંગ સર્વે નં.૫૮, કારેલી ગામનો બ્લોક નં.૬૯, તાલુકા પલસાના, જીલ્લો સુરત. સીઓપી રોડનો ૪૩.૦૬ સ્કે.મી.બિન વહેંચાયેલ પ્રમાણસર ભાગની સાથે કુલ માપણી લગભગ ૭૧.૪૮ સ્કે.મી. સિમાબદ્ધ : ઉત્તરમાં : સોસાયટી રોડ, દક્ષિણમાં : બ્લોક નં.૬૮, પૂર્વમાં : પ્લોટ નં.૧૨૩/જી, પશ્ચિમમાં : પ્લોટ નં.૧૨૧/જી | |
| ૫ | લેન : ૬૦૦૧૦૭૫૧૦૧૫૬૭૯૪ (૧)અજય કિશોરભાઈ તલસાનિયા, **S/W/O** કિશોરભાઈ ધનજીભાઈ તલસાનિયા (૨)આરતી જે. ગજ્જર, (૩)કિશોરભાઈ ડી. તલસાનિયા સરનામું ૧ : એ-૨૯, પાંચમો માળ, ત્રિશલા-૩, સાયોના સિટી પાછળ, અમદાવાદ શહેર, ઘાટલોડિયા, શાયોના સિટી અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૬૧. સરનામું ૨ : એસએફ/૨૧૧, ચંદ્ર પ્રભુ કોમ્પલેક્ષ, સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે, સ્ટેડિયમ રોડ, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૦૯. | તારીખ : ૧૯-૧૦-૨૦૨૨ રૂા.૧૩,૬૭,૬૦૮/- (રૂપિયા તેર લાખ સણસઠ હજાર છસોને આઠ પુરા) એનપીએ તારીખ : ૧૧-૧૦-૨૦૨૨ |
| | ગીરો મુકેલી /આરક્ષિત મિલકતોનું વિવરણ : ફ્લેટ નં.એ/૨૯માં ના તમામ હકો, નામો, અધિકારો, હિતો બ્લોક નં.એ, પાંચમો માળ, માપણી ૫૪.૩૪ સ્કે.મી. (કાર્પેટ એરિયા)ત્રિશલા-૩ સ્કીમની અંદર, એસ નં.૧૪૫/૧ ટીપી સ્કીમ નં.૨૯, એફપી નં.૩૯ ઉપર હેરિટેજ (ચાંદલોડિયા)ઓનર્સ એસોસિયેશને બાંધકામ કરેલ, મોજે - ચાંદલોડિયા, સબ જીલ્લો અમદાવાદ-૮ (સોલા) અને નોંધણી કરેલ જીલ્લો અમદાવાદમાં. | |
| ૬ | લેન : ૬૦૦૨૦૭૨૧૦૧૭૪૮૮૦ (૧)પ્રવિણચંદ્ર શામજીભાઈ ડાભી, **S/W/O** શામજીભાઈ ભાણાભાઈ ડાભી (૨)મીનાબેન ડાભી (૩) અનિલ પ્રવિણચંદ્ર ડાભી સરનામું ૧ : પ્લોટ નં.૧૭, ગ્રાઉન્ડ ફ્લોર, સૃષ્ટી સોસાયટી, અભિષેક ટાઉનશીપ વિભાગ-૨, મોજે- ગામ કોશદ, શાંતિ નગર પાસે, સુરત, ગુજરાત - ૩૯૪૧૦૭. સરનામું ૨ : ફ્લેટ નં.લિગ એ-૩૦૪, બ્લોક નં. એ, ગનેશપુરા, ગનેશપુરા પુલિસ સ્ટેશન પાસે, અમરોલી - ૩૯૪૧૦૭. | તારીખ : ૧૯-૧૦-૨૦૨૨ રૂા.૮૦,૭૮,૦૭૯/- (રૂપિયા એંસી લાખ અઠયોતેર હજાર ઓગણયાએંસી પુરા) એનપીએ તારીખ : ૧૧-૧૦-૨૦૨૨ |
| | ગીરો મુકેલી /આરક્ષિત મિલકતોનું વિવરણ : મિલકત બેરિંગ ફ્લેટ નં.લિગ એ-૩૦૪, ત્રીજા માળ ઉપર, ૪૦.૦૬ સ્કે.મી. માપણી, લિગ-૩૧૨માંના બિન વહેંચાયેલા ભાગ સાથે કે જે મોજે - ગામ છાપરભાઠાના રેવન્યુ બ્લોક નં.૭૫ અને ૭૬ પી અમરોલી, સુરત શહેર ઉપર સ્થિત છે કે જે પ્રવિણચંદ્ર શામજીભાઈ ડાભીના માલિકીનું છે. સિમાબદ્ધ : ઉત્તરમાં આંતરિક રોડ, પૂર્વમાં કોમન સિડી અને લિગ એ-૩૦૧, દક્ષિણમાં લિગ એ-૩૦૩, પશ્ચિમમાં આંતરિક રોડ | |
| ૭ | લેન : ૬૦૦૨૦૭૨૧૦૧૯૪૨૨૬ અને ૬૦૦૨૩૯૨૧૦૯૮૨૬૧૯ (૧)મુરલી ચેન્ના, **S/W/O** પપૈયા ચેન્ના (૨)રોજા મુરલી ચેન્ના (૩) પપૈયા ચેન્ના સરનામું ૧ : ૨૫૨, ગુજરાત હાઉસિંગ બોર્ડ, પર્વત ગામ, પર્વત પાટિયા, સુરત, ગુજરાત - ૩૯૪૨૧૦. સરનામું ૨ : ૪૪૫, આઝાદ ચોક, લિંબાયત, ચોરયાસી, મિઠીખાડી પાસે, સુરત - ૩૯૪૨૧૦. સરનામું ૩ : ઈડબલ્યુએસ-૨૯, ફ્લેટ નં.૭૧૨, બિલ્ડિંગ નં.બી, સુમન કેશવ, ટી.પી.સ્કીમ નં.૬૨, ડિંડોલી-ભેસ્તાન-ભેદવાડ, એફ.પી.૧૯૪(આર-૨૬), સુરત પિન -૩૯૪૨૧૦. સરનામું ૪ : ફ્લેટ નં.૧૦૪, પહેલો માળ, હરિહંત પાર્ક સોસયટીની સિધ્ધેશ્વર રેસિડેન્સી, ભાગ-૨, કડોદરા, સુરત -૩૯૪૩૧૫. | તારીખ : ૧૯-૧૦-૨૦૨૨ રૂા.૧૩,૬૨,૧૫૩/- (રૂપિયા તેર લાખ બાસઠ હજાર એકસોને ત્રેપન પુરા) એનપીએ તારીખ : ૧૧-૧૦-૨૦૨૨ |
| | ગીરો મુકેલી /આરક્ષિત મિલકતોનું વિવરણ : ફ્લેટ નં.૧૦૪માંના તમામ હકો, નામો, અધિકારો અને હિતો, માપણી ૭૫૭ સ્કે.ફીટ સુપર બિલ્ટ અપ અને ૪૨.૪૫ સ્કે.મી. બિલ્ટ અપ, કે જે સિધ્ધેશ્વર રેસિડેન્સીના પહેલા માળ ઉપર આવેલ છે. કે જે હરિહંત પાર્ક સોસાયટી ભાગ-૨ ના જમીન બેરિંગ પ્લોટ નં.૮૫,૮૬,૮૭ અને ૮૮ ઉપર સ્થિત છે. ઉપર જણાવેલ જમીનના પ્રમાણસર ભાગ સાથે જમીન બેરિંગ રેવન્યુ સર્વે નં.૧૩૩ અને તેના બ્લોક નં.૧૩૭/એ હિસ્સા નં.૩ માપણી ૩૦૦૦૧.૪૭ સ્કે.મી. પૈકી ૧૨૦૮૧.૪૭ સ્કે.મી. ગામ કડોદરા, સબ જીલ્લા પલસાના, જી.સુરત પર આયોજિત છે. સિમાબદ્ધ : ઉત્તરમાં પ્લોટ નં.૮૪, પૂર્વમાં ફ્લેટ નં.૧૦૫, દક્ષિણમાં ફ્લેટ નં.૧૦૩. ધ ફ્લેટ નં.ઈડબલ્યુએસ-૨૯/બી-૭૧૨ એરિયા માપણી ૪૨.૪૭૦ સ્કે.મી. (બિલ્ટ અપ એરિયા) ૩૬.૪૩૦ સ્કે.મી. (કાર્પેટ એરિયા) કે જે સાતમા માળ ઉપર આવેલ છે. કે જેનું બિલ્ડિંગ ઈડબલ્યુએસ-૨૯ સુમન કેશવ નામે જાણીતી છે અને જે ટી.પી.સ્કીમ નં.૬૨ (ડિંડોલી-ભેસ્તાન-ભેદવાડ) આખરી પ્લોટ નં.૧૯૪ (આર-૨૬)ગામ ડિંડોલી, સિટી-સુરત, જી.સુરત ખાતે બાંધકામ થયેલ છે. સિમાબદ્ધ : ઉત્તરમાં માર્જિન, પૂર્વમાં સિડી, દક્ષિણમાં ફ્લેટ નં.૭૦૭, પશ્ચિમમાં ફ્લેટ નં.૭૧૧ | |

અહીં ઉપર જણાવેલા દેવાદારોને સલાહ આપવામાં આવે છે કે આ નોટિસ જારી થયાના ૬૦ દિવસની અંદર માંગણા નોટિસમાં જણાવેલી રકમ, તેના પર લાગુ પડતા વ્યાજ,વધારાનું વ્યાજ, બાઉન્સ ચાર્જીસ, અને દેવાદારો તરફથી પુરી રકમ ચુકતે મળે ત્યાંસુધીના ખર્ચાઓ સહિતની રકમ ચુકતે કરવા જણાવવામાં આવે છે. દેવાદરો ધ્યાન આપે કે એફઆઈએચએફસી સુરક્ષિત લેણદાર છ અને દેવાદરને જે લોન આપવામાં આવી છે તે સ્થાયી મિલકતોની સામે સુરક્ષિત દેવું છે કે જે દેવાદારો દ્વારા ગીરો મુકવામાં આવેલી સ્થાયી મિલકતો છે. જો દેવાદારો નિયત સમયગાળામાં પુરી રકમ ચુકતે કરવામાં નિષ્ફળ જશે તો તેવા સંજોગો માં એફઆઈએચએફસી કાયદાના સેકશન ૧૩(૪) હેઠળ મળતી સત્તાની રૂએ પોતાના હકો વાપરતાં ગીરો મુકેલ મિલકતોનો કબ્જો મેળવી લેશે. અને કાયદાની જોગવાઈ મુજબ મિલકતોને ટ્રાન્સફર, સિલ કે વેચાણ કરી શકે છે જ્યાં સુધી પુરી રકમ ચુકતે મલતી નથી. એફઆઈએચએફસી ને અધિકાર છે કે મિલકતને વેચાણ કરતાં પહેલા સિલ કરવાનો, જો ગીરો મુકેલ મિલકતોના વેચાણ દ્વારા પુરી રકમ વસુલ થતી નથી તો તેવા સંજોગોમાં બાકીની રકમ વસુલ કરવા માટે એફઆઈએચએફસી ને હક છે કે અલગથી કાયદાકિય કાર્યવાહી શરૂ કરવાનો. કોઈપણ કાયદાને આધિન એફઆઈએચએફસીને મળતાં હકોમાં આ એક વધુ હક સ્વતંત્ર રીતે મળે છે.
કાયદા ૧૩(૮)મુજબ દેવાદારોને ગીરો મુકેલ મિલકતને પરત મેળવવા માટે સમય મલે છે અને વધુમાં કાયદા ૧૩(૧૩)મુજબ દેવાદારોને આ માટે આમંત્રિત કરવામાં આવે છે. પરંતુ દેવાદારોને ગીરો મુકેલ મિલકતો સાથે કોઈપણ જાતનો સોદો કરવા માટે મનાઈ કરવામાં આવે છે, દેવાદારો મિલકતોને ટ્રાન્સફર, લિઝ, વેચાણ (વેપારમાં જો કોઈ અન્ય રીત હોય તો) એફઆઈએચએફસી ને લેખિતમાં જાણ કર્યા વિના કરી શકશે નહિ.કારણકે આવા પ્રકારનો સોદો કાયદાના સેકશન-૨૯ મુજબ સજાને પાત્ર ગુનો બને છે. માંગણા નોટિસની કોપી નીચે સહીં કરનાર પાસે મલી શકે છે, જો તેઓ ઈચ્છે તો નીચે સહીં કરનારની ઓફિસેથી કામકાજના ક્લાકો દરમાન પણ મેળવી શકે છે.

સહીં
સ્થળ : ગુજરાત
અધિકૃત અધિકારી
તારીખ : ૦૨-૧૧-૨૦૨૨
ફુલર્ટન ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ